25 JUL 2013

# ગુજરાત જાહેર સેવા આયોગ

## કામચલાઉ પરિણામ (પાત્રતા ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી )

## (આ યાદી આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in પર પણ પ્રાપ્ય છે.)

આયોગ દ્વારા તા.૨૮-૪-૨૦૧૩ના રોજ મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨(ફક્ત અનુ. જન જાતિ માટેની ખાસ ભરતી) (જાહેરાત ક્રમાંક-૨૧/૨૦૧૨-૧૩)ની લેખિત કસોટી યોજવામાં આવેલ હતી. માત્ર લેખિત કસોટીમાં મેળવેલ ગુણના આધારે નીચે દર્શાવ્યા મુજબનું કામચલાઉ પરિણામ (પાત્રતા ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી ) આથી જાહેર કરવામાં આવે છે. આ કામચલાઉ પરિણામ જાહેર કરતી વખતે આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો તથા આ અંગેની જાહેરાતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / મૂકવામાં આવેલ શરતો મુજબ અરજી પત્રકોની ચકાસણી કરવામાં આવી નથી. આથી આ કામચલાઉ પરિણામ નીચેની શરતોને આધીન જાહેર કરવામાં આવે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **101000001** | **101000015** | **101000059** | **101000065** | **101000127** | **101000135** |
| **101000145** | **101000192** | **101000207** | **101000211** | **101000275** | **101000281** |
| **101000329** | **101000351** | **101000352** | **101000359** | **101000372** | **101000434** |
| **101000438** | **101000446** | **101000457** | **101000487** | **101000490** | **101000501** |
| કૂલ ઉમેદવારો :- ૨૪ (ચોવીસ) | | | | | |

(૧) આ કામચલાઉ પરિણામની યાદીમાં સમાવિષ્ટ થવાથી કોઇ ઉમેદવારને રૂબરૂ મુલાકાતમાં હાજર રહેવાનો, પસંદગીયાદી કે પ્રતીક્ષાયાદીમાં સમાવેશ થવાનો હક્ક પ્રાપ્ત થતો નથી.

(૨) આ કામચલાઉ પરિણામની યાદીમાં સમાવેશ થયેલ દરેક ઉમેદવારોની પાત્રતા આ જગ્યાના ભરતી નિયમો / ભરતી પરીક્ષા નિયમો, જાહેરાતની જોગવાઇઓ અનુસાર નક્કી કરવામાં આવશે.

(૩) દરેક ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે આ જગ્યા માટેની નિયત શૈક્ષણિક લાયકાત, ઉંમર, નિયત લઘુતમ શારીરિક ધોરણ ધરાવતો હોવો જોઇશે.

(૪) જો કોઇ ઉમેદવારે અરજી સાથે નિયત પ્રમાણપત્ર બિડેલ ના હોય અને તે ઉમેદવાર પાસે જ્યારે મંગાવવામાં આવે ત્યારે ઉમેદવારે તે માટે નિયત થયેલ સમયમર્યાદામાં રૂબરૂ આયોગની કચેરીમાં રજૂ કરવાના રહેશે.

(૫) દરેક મહિલા અથવા પુરુષ ઉમેદવારનું શારીરિક ધોરણ (માપ) ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈથી નિયત થયા મુજબનું લઘુતમ હોવું જોઇશે.

(૬) દરેક ઉમેદવારને શારીરિક માપની ચકાસણી માટે જે તારીખે / સમયે આયોગની કચેરીમાં હાજર રહેવાનું જણાવવામાં આવે તે તારીખે/સમયે ઉમેદવારે સ્વ ખર્ચે આયોગની કચેરીમાં ઉપસ્થિત થવાનું રહેશે. જો કોઇ ઉમેદવાર શારીરિક ચકાસણી માટે જણાવેલ તારીખ અને સમયે હાજર નહિ થાય તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૭) શારીરિક માપ માટે આયોગ દ્વારા જે ડૉક્ટરો નિમાયા હોય તેઓ દ્વારા જે માપ નોંધવામાં આવે તે માપ યોગ્ય રીતે લેવામાં આવેલ છે, તે બાબતે ઉમેદવારે બાંહેધરી આપવાની રહેશે.

(૮) આયોગ દ્વારા નિમવામાં આવેલ ડૉક્ટરો દ્વારા લેવામાં આવેલ માપ બાબતે જો કોઇ ઉમેદવારને રજૂઆત કરવાની રહેતી હોય તો, તે જ સમયે રજુઆત કરવાની રહેશે. ઉમેદવારના લેવામાં આવેલ શારીરિક માપ બાબતે પાછળથી કોઇ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

-- ૨ --

(૯) જાહેરાતમાં જણાવ્યા મુજબ આ કામચલાઉ પરિણામ (પાત્રતાચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી)માં કૂલ જગ્યાના આશરે ચાર ગણા ઉમેદવારોને એટલે કે ૨૪ ઉમેદવારોને કામચલાઉ સફળ જાહેર કરવામાં આવેલ છે. આ ચાર ગણા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, ઉંમર, નિયત લઘુતમ શારીરિક માપની ચકાસણી, ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઈ અનુસાર ચકાસણી કરવામાં આવશે. આ ચકાસણીમાં શારીરિક પરિક્ષણની ચકાસણીનો પણ સમાવેશ થાય છે. આ શારીરિક પરીક્ષણની ચકાસણી આયોગ દ્વારા તબીબી અધિકારી પાસે કરાવવામાં આવશે. જેમાં ઉમેદવારોએ આયોગ નક્કી કરે તે મુજબ હાજર થવાનું રહેશે. આ તમામ ચકાસણી બાદ જો ત્રણ ગણા કરતાં વધુ ઉમેદવારો લાયક જણાશે તો, લેખિત કસોટીમાં મેળવેલ માર્કસને આધારે, જગ્યાની સંખ્યા ધ્યાને લઇ આશરે ત્રણ ગણા ઉમેદવારોને જ રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે અને બાકીના ઉમેદવારોને અસફળ ગણી, તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહિ. જ્યારે રૂબરૂ મુલાકાતમાં બોલાવેલ ત્રણ ગણા ઉમેદવારોના લેખિત કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ કૂલ માર્કસને ધ્યાને લઇ એટલા ઉમેદવારોને જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓના પ્રમાણમાં સફળ જાહેર કરવામાં આવશે. ભરતી નિયમોની જોગવાઇ મુજબ ૫૦ ટકા જેટલી સંખ્યા જેટલાં ઉમેદવારોના નામ કેટેગરીવાર પ્રતિક્ષાયાદી પર રાખવામાં આવશે. પ્રતિક્ષાયાદીનો અમલ રાજ્ય સરકારની પ્રવર્તમાન સુચનાઓ મુજબ કરવામાં આવશે. બાકીના ઉમેદવારોને અસફળ ગણવામાં આવશે અને તેમને નિમણુકનો કોઇ હક્ક દાવો રહેશે નહિ.

(૧૦) આ જગ્યાની જાહેરાતમાં દર્શાવવામાં આવેલ કૂલ-૦૬(છ) જગ્યાઓના ત્રણ ગણા લેખે ૧૮(અઢાર) ઉમેદવારોની યાદી લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટ તથા શારીરિક માપની વિગતો તથા ભરતી નિયમો,ભરતી પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઇઓ જે ઉમેદવારો સંતોષતા હશે તેને ધ્યાને લઇ, તૈયાર કરવામાં આવશે અને તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

(૧૧) આ જગ્યાના ભરતી નિયમો તથા ભરતી પરીક્ષા નિયમોની જોગવાઇના આધારે પ્રતિક્ષાયાદી અંગેના પ્રવર્તમાન નિયમો/જોગવાઇઓના આધારે ૫૦ ટકા જેટલા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૧૨) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

(૧૩) રૂબરૂ મુલાકાતને પાત્ર થતાં ઉમેદવારોનું આ કામચલાઉ પરિણામ, સા.વ.વિ.ના તા.૯-૪-૧૯૯૭ના જાહેરનામા ક્રમાંક-જીએસ-૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩-ગ-૨ તથા તા.૨૨-૫-'૯૭ના પરિપત્ર ક્રમાંક-સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ-૨ની જોગવાઇઓને ધ્યાનમાં રાખીને બહાર પાડવામાં આવેલ છે.

૨૫/૭/૧૩

અમદાવાદ.
તા. ૨૫-૦૭-૨૦૧૩

(વિ. એન. દેસાઈ)
સચિવ,
ગુજરાત જાહેર સેવા આયોગ